Bhakta Kavi Narsinh Mehta University
Govt. Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 - Ph.(0)0285-2681400
Website : http://www.bknmu.edu.in Email : bed.bknmuni.jnd@gmail.com

જા.નં/.બીકેએનએમયુ /બી.એડ્/.૦૪૯/૨૦૨૦ તા. ૧૦/૦૮/૨૦૨૦

::પરિપત્ર::

વિષય : બી.એડ્./એમ.એડ્. પ્રવેશ ફોર્મમાં રહી ગયેલ ક્ષતિ સુધારણા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્./એમ.એડ્. કોલેજમાં પ્રવેશ ૨૦૨૦-૨૧ માટે ભરેલ ઓનલાઈન પ્રવેશ ફોર્મમાં જો પ્રવેશ ફોર્મ ભરતી વખતે પરિશિષ્ટ-૧માં દર્શાવ્યા મુજબની ક્ષતિ રહી ગયેલ હોય તો તા.૧૦/૦૮/૨૦૨૦ થી તા.૨૫/૦૮/૨૦૨૦ સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધીમાં પરિશિષ્ટ-૧માં દર્શાવ્યા મુજબની સૂચનાઓ અનુસાર http://bknmu.emli.in/adm-bknmu.php પર જઇ ફોર્મ નંબર તથા જન્મ તારીખ એન્ટર કરવાથી ફોર્મ ભરતી વખતે આપેલ મોબાઈલ નંબર પર OTP એસ.એમ.એસ. આવશે જે OTP નંબર દ્વારા આપનું ફોર્મ ઓપન કરી ફોર્મમાં રહી ગયેલ ક્ષતી(ભૂલ) સુધારી ફોર્મ સબમિટ કરી ફોર્મની નવી પ્રિન્ટ લેવાની રહેશે.

આપના દ્વારા સુધારો કર્યા બાદ લીધેલી ફોર્મ પ્રિન્ટમાં દર્શાવેલ વિગત જ અંતિમ વિગત ગણાશે. ત્યારબાદ કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે માટે વિદ્યાર્થી જ જવાબદાર રહેશે. જે અંગેની ગંભીર નોંધ લેશો.

Dr.J.D.Trivedi
Chairman
B.Ed./M.Ed. Admission Committee
Bhakta Kavi Narsinh Mehta University,
Junagadh

બિડાણ : પરિશિષ્ટ-૧

નકલ રવાના: માન.કુલપતિશ્રી/માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
નકલ રવાના: આઈ.ટી. સેલ (વેબ સાઈટ પર પ્રસિદ્ધ કરવા અર્થે)

# Bhakta Kavi Narsinh Mehta University

Govt. Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 - Ph.(0)0285-2681400
Website : http://www.bknmu.edu.in Email : bed.bknmuni.jnd@gmail.com

## પરિશિષ્ટ-૧

## વિદ્યાર્થીઓએ એડિટ ઓપ્શન માટે ફોર્મ ચેક કરવા માટેના સૂચનો.

**૧. યુનિવર્સિટી કેટેગરી કોડ કઈ રીતે ચેક કરવો?**

| વિદ્યાર્થીઓએ સિલેક્ટ કરવાનો કોડ | વિદ્યાર્થીએ ગ્રેજ્યુએશન/ બી.એડ્. કરેલ યુનિવર્સિટી |
|---|---|
| BKNMU | ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી-જુનાગઢ |
| OUG | ગુજરાતમાં આવેલ કોઇપણ યુનિવર્સિટી |
| OU | ગુજરાત બહારની કોઈપણ યુનિવર્સિટી |

**જો આપના ફોર્મમાં ઉપર મુજબ સિલેક્ટ કરેલ ન હોય તો એડિટ કરી ફેરફાર કરવાનું રહેશે.**

૨. આ ઉપરાંત કોઈપણ બી.એડ્./એમ.એડ્. પ્રવેશ માટે ફોર્મ ભરેલ વિદ્યાર્થીઓએ ફોર્મમાં લખેલ પોતાનું નામ, જન્મતારીખ, પોતાની કેટેગરી(Male/Female), પોતાની જાતિની કેટેગરી(Caste Category), ગ્રેજ્યુએશન/ બી.એડ્.ના માર્ક્સ, પોતાના ગ્રેજ્યુએશનનો વિષય, પ્રવેશ પરીક્ષાનું કેન્દ્ર એકવાર ચેક કરી લેવું તેમજ જો ફેરફાર કરવાનો હોય તો ફોર્મ એડિટ કરી ફેરફાર કરી સેવ કરી ફરીવાર ફોર્મ પ્રિન્ટ કરવાનું રહેશે.

૩. બી.એડ્. પ્રવેશ માટે જે વિદ્યાર્થીઓએ ગ્રેજ્યુએશન પૂર્ણ કરેલ છે તેમણે ફોર્મમાં આપેલ SY/TY ઓપ્શન માંથી "TY" સિલેક્ટ કરવાનું રહેશે અને જે વિદ્યાર્થીઓએ સેમેસ્ટર-૬ની પરીક્ષા આપવાની બાકી છે તેમણે "SY" ઓપ્શન સિલેક્ટ કરવાનું રહેશે. વિદ્યાર્થીઓએ ચેક કરી જો તેમાં ફેરફાર કરવાનો થતો હોય તો ફોર્મ એડિટ કરી ફેરફાર કરી લેવાનો રહશે.

૪. જે બી.એડ્./એમ.એડ્. પ્રવેશ માટે જે વિદ્યાર્થીઓએ CASTE CATEGORYમાં "SEBC", "SC'', "ST" સિલેક્ટ કરેલ હોય અને SUB CATEGROYમાં "EWC" એમ બંને સિલેકટ કરેલ છે તેવા વિદ્યાર્થીઓએ SUB CATEGROYમાંથી "EWC" ડીલીટ કરવાનું રહેશે.(EWC જનરલ કેટેગરીના આર્થિક રીતે પછાત માટેજ લાગુ પડે છે)

* "SEBC" કેટેગરી સિલેક્ટ કરનાર વિદ્યાર્થીઓએ જો નોનક્રીમીલીયરની જગ્યાએ પણ Caste Certificate અપલોડ કર્યુ હોય તો તેઓએ નોન ક્રીમીલીયર ફરજીયાત અપલોડ કરવાનું રહેશે.

૫. જે વિદ્યાર્થીઓના ઓનલાઈન ફોર્મ ભરતી વખતે તેમનો ફોટો(jpeg format), માર્કશીટ, લીવીંગ સર્ટીફીકેટ, જાતિનું પ્રમાણપત્ર, નોન ક્રીમીલીયર સર્ટિફિકેટ (pdf format)માં સબમિટ કરેલ ન હોય અથવા તો વ્યવસ્થિત રીતે સબમિટ થયેલ ન હોય તો તેઓએ ફોર્મ એડિટ કરી ફરીવાર જે-તે ડોક્યુમેન્ટ સ્કેન કરી અપલોડ કરવાના રહેશે અને ફોર્મ પ્રિન્ટ કરવાનું રહેશે.

**ફોર્મ એડિટ કરવાથી વિદ્યાર્થીએ ફોર્મ ભરવા દરમ્યાન આપેલ મોબાઈલ નંબર તેમજ તેમના ફોર્મ નંબરમાં ફેરફાર નહી થાય જેની દરેક વિદ્યાર્થીએ નોંધ લેવી.**

એડિટ ઓપ્શનને લગતી અન્ય કોઈ સહાયતા માટે વિદ્યાર્થીઓ બી.એડ્./એમ.એડ્. એડમીશન પોર્ટલ પર આપેલ હેલ્પલાઇન નંબર પર સવારે ૧૧:૦૦ થી સાંજે ૦૬:૦૦ દરમિયાન **(રજાના દિવસો સિવાય)** સંપર્ક કરી શકશે.